**C R M A NO.**139/2026

## −:: એપેલન્ટ/આરોપીની લીમીટેશન એકટની કલમ−પ મુજબ વીલંબ માફની અરજી લગત હુકમ :−

(૧) સદર કામે હાલની અરજી એપેલન્ટ/આરોપીએ ખંભાતના મહે. એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ધ્વારા ક્રિમનીલ કેસ નં.૧૧૮૯/૨૦૨૪ ના કામે તા.૦૨/૦૫/૨૦૨૫ થી સજાનો હુકમ કરેલ છે, તે હુકમ સામે અપીલ દાખલ કરવા માટે જે વીલંબ થયેલ છે તે વીલંબ માફ કરવા માટે અરજ કરેલ છે. વધુમાં જણાવે છે કે વિ. ટ્રાયલ કોર્ટે સદર હુકમ સાથે નોનબેલેબલ વોરંટ પણ ઈસ્યુ કરેલ હોવાથી અરજદાર/આરોપીની પોલીસે અટક કરી વિ.ટ્રાયલ કોર્ટમાં રજુ કરેલ અને વિ.ટ્રાયલ કોર્ટે અરજદાર/ આરોપીને કસ્ટડીમાં લઈ સબ જેલ ખાતે મોકલી આપેલ. જેથી અરજદાર/આરોપીને અપીલ દાખલ કરવામાં વિલંબ થયેલ છે અને તે વિલંબ તેઓએ જાણીબુજીને કરેલ નથી. જે તમામ કારણો ધ્યાને રાખી હાલની અરજી મંજુર કરી અપીલ દાખલ કરવા અરજ ગુજારેલ છે.

(૨) આમ રેકર્ડ ઉપર આવેલ તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લેતા એપેલન્ટ/આરોપીને નામદાર કોર્ટના ક્રિમનીલ કેસ નં.૧૧૮૯/૨૦૨૪ ના કામે તા.૦૨/૦૫/૨૦૨૫ થી સજાનો હુકમ થયેલ છે, તે હુકમ સામે અપીલ દાખલ કરવામાં વીલંબ થયેલ હોવાનું જણાય આવે છે પરંતુ સાથે સાથે એ હકીકત પણ ધ્યાને લેવામાં આવે છે કે એપેલન્ટ/આરોપી સદર હુકમ જાહેર કરવામાં આવેલ ત્યારે નામદાર કોર્ટમાં હાજર ન હતા તેમજ તેમના વિરુધ્ધ વિ.ટ્રાયલ કોર્ટે નોનબેલેબલ વોરંટ ઈસ્યુ કરેલ અને તેમાં અરજદાર/ આરોપીની ધરપકડ કરી તેમને કસ્ટડીમાં લીધેલ હોવાથી અપીલ દાખલ કરવામાં તેમને વિલંબ થયેલ હોવાનું જણાય આવે છે. જે તમામ હકીકતો ધ્યાને રાખતા હાલની વીલંબ માફની અરજી ખર્ચ સાથે મંજુર કરવી યોગ્ય

**C R M A NO.**139/2026

અને ન્યાયોચીત જણાય આવતું હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **-:: હુ ક મ ::-**

(૧) એપેલન્ટ/આરોપીની લીમીટેશન એકટની કલમ-૫ મુજબ વીલંબ માફની અરજી આથી '' **મંજુર** '' કરવામાં આવે છે.

(૨) એપેલન્ટ/આરોપીએ ખર્ચ પેટે સદર હુકમ થયાના દિન-ર માં તાલુકા કાનુની સેવા સત્તા મંડળ, ખંભાત ખાતે રૂા.૨૦૦૦/- (અંકે રૂપીયા બે હજાર પુરા) ભર્યેથી અપીલ દાખલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ-૧૯, માહે-જુન, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ- ૧૯/૦૬/૨૦૨૬
ખંભાત.

(પી.એચ.શર્મા)
ત્રીજા એડીશનલ સેશન્સ જજ,
ખંભાત.
**યુનિક કોડ નં.જીજે૦૦૭૦૧**

*સ્ટેનો-જે.એ.સોજીત્રા.*